ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૫ ટકા




ગાંધીનગરની જાણીતી સંસ્થા કલાગુર્જરી દ્વારા શનિવારે રાત્રે ટાઉનહોલ ખાતે સંત તુલસીદાસ રચિત રામચરિત માનસ આધારિત સંગીતમય નૃત્યનાટિકા 'શ્રી રામનાટકમ્‌નું આયોજન કરવામાં આવ્યું હતું. આ નૃત્ય નાટિકામાં રામાયણના ઐતિહાસિક પાત્રો તથા ઘટનાઓને નૃત્ય દિગ્દર્શન ક્ષેત્રે જાણીતા નૃત્યગુરુ ડોલીબેન દેસાઈ ઠક્કર દ્વારા નૃત્ય સ્વરૂપે પ્રસ્તુતિકરણ માટે દિગ્દર્શિત કરાઈ હતી. દર્શકો દ્વારા આ નૃત્યનાટિકાની રજૂઆત, તેના પહેરવેશ અને કલાકારોના પરફોર્મન્સને ભરપુર વખાણવામાં આવ્યું હતું.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં સેકટર-૧૭માં યોજાનાર આગામી વાઈબ્રન્ટ સિરામિક સમિટના પગલે સાંજના સમયે તેની આસપાસના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનું ભારણ વધી જવા પામે છે જેમાં ટેક્ષીની સંખ્યા નોંધપાત્ર રીતે જોવા મળે છે. આ એકસ્પોના કારણે હાલ શહેરમાં તથા આસપાસના વિસ્તારની મોટા ભાગની હોટેલ્સમાં હાઉસફુલ બુકિંગ જોવા મળી રહ્યું છે.

● સિરામિક એકસ્પોમાં ભાગ લેવા આવનારી કંપનીઓના મોટા ભાગના અધિકારીઓ ગુજરાત બહારથી આવ્યા છે. જેઓ અહીં દારૂબંધીના કારણે તેમના શોખ પુરા કરી શકતા નથી. જો કે મોટા ભાગના અધિકારીઓ પાસે 'પરમીટ' હોવાથી તેઓ લીકર શોપ્સ પરથી ખરીદી કરી શકે છે પરંતુ તે માટે તેઓ તેમના કર્મચારીઓને ખરીદી કરવા મોકલે છે ત્યારે લીકર શોપ્સના સંચાલકો સાથે ઘર્ષણના બનાવો બનવા પામે છે.

# સગાઈ દરમિયાન સોનાના દાગીના ભરેલા પર્સની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક પેથાપુર ખાતે આવેલી સ્વાગત હોટલની લૉનમાં આજે સગાઈનો પ્રસંગ હતો. આ પ્રસંગમાં કેક કાપીને ફોટો સેશન થઈ રહ્યું હતું ત્યારે સોફા ઉપર મુકેલું સોનાના દાગીના ભરેલું પર્સ ઉઠાવીને કોઈ ગઠીયો રફફુચક્કર થઈ ગયો હતો. પર્સમાં રૂ. ૨.૯૫ લાખના સોનાના દાગીના તથા બે મોબાઈલ મળી રૂ. ૩ લાખની મત્તા હતી. પેથાપુર પોલિસે આ મામલે ગુનો દાખલ કરી વિડીયોગ્રાફી ચેક કરી ગઠીયાને પકડવા માટે ગતિવિધિ તેજ કરી છે.

મળતી માહિતી મુજબ આજે સવારે પેથાપુરની સ્વાગત હોટલની લોનમાં પટેલ પરિવારના એક યુવક યુવતીની સગાઈનો પ્રસંગ હતો. બંને પક્ષના સ્નેહી-સંબંધીઓની હાજરીમાં રીંગ સેરેમની બાદ કેક કાપવામાં આવી અને ફોટો સેશન ચાલી રહ્યું હતું. સવા અગિયારથી સાડા અગિયારના અરસામાં ચાલી રહેલા આ ફોટો સેશન વખતે પ્રસંગના સ્થળે ઘુસી ગયેલો કોઈ ગઠીયો કળા કરી ગયો હતો જે યુવતીની સગાઈ હતી તેના કલોલ રહેતા કાકી કોકીલાબેન દીલીપભાઈ પટેલ પાસે યુવતીના દાગીનાનું પર્સ હતું. ફોટો સેશન વખતે કોકીલાબેન સોફા પર પર્સ મુકીને ફોટો પડાવી પરત આવ્યા તેટલી ગણતરીની મીનીટોમાં જ પર્સ કોઈ ગઠીયો સેરવીને રફફુચક્કર થઈ ગયો હતો. પર્સમાં યુવતીના સોનાના રૂ. ૨.૯૫ લાખના કિંમતના દાગીના અને બે મોબાઈલ મળી રૂ.૩ લાખની મત્તા હતી. પ્રસંગ સ્થળે આ સમાચારથી અફડાતફડી મચી જવા પામી હતી. કોકીલાબેને પેથાપુર પોલિસને ઘટના અંગે જાણ કરતા પીએસઆઈ વી.બી. દેસાઈએ ગુનો નોંધી પ્રસંગના વિડિયોગ્રાફરના અને હોટલના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી ચોર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.



ગાંધીનગર શહેરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે આજે સવારે ભુમિ સંસ્થા અને શિવમ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાળકોનું પ્રોત્સાહન વધારવા માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં સુંદર ચિત્ર રજુ કરનાર બાળકોને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા.

# ઈટાદરાના બાળકોને બેન્ચિસ તથા વડીલોને બાંકડાની ભેટ



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા ઈટાદરા ગામે બાલમંદિરના ભૂલકાંઓ માટે ૨૦ નંગ બેન્ચિસ તથા શાળા અને શિવ મંદિરમાં મળીને ૨૦ નંગ બાંકડા ભેટ આપવામાં આવ્યા હતા.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા માણસા તાલુકાના ઈટાદરા ગામના સંતોકબા બાલમંદિર ખાતે બાળકોને બેસવા માટે ૨૦ નંગ બેન્ચિસની ભેટ આપવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. આ સાથે ઈટાદરા ગામના શિવમંદિર, મસ્જિદ તથા પ્રાથમિક શાળામાં મળીને ૨૦ નંગ બાંકડા પણ ભેટ આપવામાં આવ્યા હતા. શાળામાં બાળકો તથા મંદિર મસ્જિદે વરિષ્ઠ વડિલોને બેસવા માટે આ બાંકડાની ભેટ આપવામાં આવી હતી. બાળકો માટેની બેન્ચિસ તથા બાંકડાઓ વગેરે માટે દાતાઓ હર્ષાબા જીલુભા ધાંધલ, જયેન્દ્રભાઈ પરીખ, પંકજભાઈ પરમાર, એકસ આર્મીમેન રામાભાઈ ગણેશભાઈ, માધુભાઈ પટેલ તથા દિનેશભાઈ પટેલ વગેરેએ અનુદાન આપ્યું હતું.

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૪માં ભાજપ ટીમ દ્વારા જનસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ભાજપના વરિષ્ઠ અગ્રણી વાડીભાઈ પટેલ, સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ, ભાજપના અગ્રણીઓ પંકજ શુકલ, કનુભાઈ દરજી, કૈલાશ સથવારા સહિત કાર્યકરો જોડાયા હતા અને વોર્ડમાં ઘરે ઘરે જઈ વસાહતીઓનો રૂબરૂ સંપર્ક કરી ભાજપ સરકારની કામગીરી અંગે વાકેફ કર્યા હતા.



# નકલી પોલિસ બની રૂપિયા પડાવતો શખ્સ ઝડપાયો

## આરોપીના બાઈકની આગળ-પાછળની બંને નંબર પ્લેટ અલગ અલગ હતી

ગાંધીનગર, તા.૧૨

અડાલજ પાસે ઝુંડાલ અને ખોરજ કેનાલ રોડ ઉપર સાઈડમાં બેસતા કપાલીયાઓને તથા ખોરજ બ્રીજ નજીક ઝાડીમાં ગેરકાયદે ચાલતા દેહ વ્યાપારના ધંધા નજીકના સ્થળેથી નકલી પોલિસના તોડ કરવાના તથા લુંટ કરવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. અડાલજ પોલિસે આવી રીતે જ લુંટ કરતા એક નકલી પોલિસને દબોચી લઈ એક લુંટનો ભેદ ઉકેલ્યો છે. તેની પાસેથી બે મની પર્સ, ત્રણ મોબાઈલ અને બાઈક જપ્ત કરવામાં આવ્યું છે. જે બાઈકની આગળ અને પાછળની બંને નંબર પ્લેટ અલગ અલગ હતી. અડાલજ પોલિસે તેની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.



મળતી માહિતી મુજબ ઈફકોમાં નોકરી કરતા કલોલના અનીલકુમાર રાજેન્દ્રકુમાર યાદવ અડાલજ નજીક ખોરજ કેનાલ પાસેની ઝાડીઓ તરફથી નીકળ્યા હતા ત્યારે નકલી પોલિસ બનીને આવેલા ધવલ શીવા પરમારે તેને ધમકાવ્યો હતો. પ્રતિબંધિત વિસ્તારમાં કેમ આવ્યો છે? પોલીસ સ્ટેશન લઈ જવો પડશે..! તેમ કહી પર્સ પડાવી લીધું હતું. આ જ સમયે અસલી પોલિસ આ સ્થળે ત્રાટકી...! પોલિસને જોઈને અનીલકુમાર યાદવ નીકળી ગયા હતા. અસલી પોલિસ જોઈને ધવલ શિવા પરમાર ભાગવા ગયો પરંતુ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમના પીએસઆઈ એ.જી. અનુરકાર તથા માણસોએ તેને દબોચી લીધો હતો. શંકા જતા તેની અંગ જડતી કરતાં ત્રણ મોબાઈલ, બે મની પર્સ અને રૂ. ૪૭૯૦ રોકડ મળી આવી હતી. એક પર્સમાંથી અનીલ યાદવનું ચુંટણી કાર્ડ અને ડ્રાઈવીંગ લાયસન્સ મળતા શંકા પ્રબળ બની અને ઉંડી પુછપરછ કરતા તે નકલી પોલિસ બનીને લુંટ અને તોડ કરતો હોવાની કબુલાત કરતા તેની ધરપકડ કરી સઘન પુછતાછ શરુ કરવામાં આવી છે.

# પ્લે હાઉસ એટલે બાળકનું રમતા રમતા શીખવું

## રોજ જેના માટે 'બાળદિન' છે તેવા ભૂલકાંઓ માટે પ્લે હાઉસ કેટલું ઉપયોગી? માઈક્રો ફેમિલીના યુગમાં પ્લેહાઉસ આર્શીવાદરૂપ પરંતુ હરિફાઈનું તત્વ લાલબત્તી સમાન



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૧૨

આજકાલ ટીવીમાં સાવ નાનકડાં ભૂલકાંઓ ડાન્સ કે સિંગિગ વગેરે કોમ્પિટીશનમાં જે રીતે પરફોર્મન્સ આપતા જોવા મળે છે તેનાથી ઘણીવાર સવાલ પેદા થાય છે કે આટલી નાની ઉંમરના બાળકો આટલો બધો આત્મવિશ્વાસ કેળવે છે કયાંથી અને આટલી બધી આવડત તેમનામાં આવે છે કયાંથી? ઘણીવાર તો સાવ પ્લે ગ્રુપમાં રમવાની ઉંમરના બાળકો એવા અદભૂત કારનામા કરી બતાવે છે કે દર્શકો મોંઢામાં આંગળા નાંખી જાય છે. ગ્લોબલાઈઝેશનના યુગમાં આજે એટલું તો સ્વીકારવું જ પડશે કે આવનારી પેઢી વધુ કાબેલ જ નહી પરંતુ વધુ 'ફાસ્ટ' પણ છે અને એટલા માટે જ અનેક 'ચિંતામણીઓ' પ્લેહાઉસ કલ્ચર અંગે સવાલ ઉઠાવે છે પરંતુ તે હવે આ યુગની અનિવાર્યતા બનતું જાય છે.

જેમના માટે દરેક દિવસ તેમનો પોતાનો એટલે કે 'બાળ દિન' જ છે તેવા નિર્દોષ અને રમતિયાળ ભૂલકાંઓ હવે પ્લે હાઉસ કે પ્લે ગૃપ થકી રમતા રમતા જ કપડાં પહેરવાના શિષ્ટાચારથી માંડીને આરોગ્ય માટે જાત સફાઈની આવડત સાથે શિક્ષણના મૂળાક્ષરો પણ શીખે છે એટલું જ નહી પરંતુ કેટલીકવાર પોતાનામાં રહેલી છુપી પ્રતિભાના દર્શન પણ મા-બાપને કરાવે છે. અગાઉના સમયમાં બાળકને પાંચ વર્ષનું થાય ત્યાં સુધી તેની નૈસર્ગિક પ્રવૃત્તિઓમાં રત રહેવા દઈ શિક્ષણનો ભાર ઉપાડવા સક્ષમ બને તેની રાહ જોવાનું મુનાસિબ માનવામાં આવતું હતું. જો કે એ સમય સંયકુત કુટુંબની વિભાવનાનો હતો તથા હરિફાઈનું ચલણ પણ એટલું વ્યાપી નહોતું. સંયુકત કુટુંબમાં બાળકને સમય અને સંસ્કાર આપવા માટે મા-બાપ સિવાય પણ દાદા-દાદી, કાકા-કાકી, ફોઈબા જેવા સભ્યો પ્રાપ્ત રહેતા હતા. આજના 'માઈક્રો ફેમિલિ'ના યુગમાં માતા-પિતા બંને જયારે નોકરી-વ્યવસાય કરતા હોય ત્યારે બાળક માટે પ્લે હાઉસ એક આશીર્વાદરૂપ બનવા પામે છે. જેમાં બાળ અન્ય બાળકો સાથે રમતા રમતા રોજીંદી ક્રિયાની ચોકકસ પધ્ધતિ જેવી કે કેવી રીતે જમવું, કેવી રીતે કપડાં પહેરવા, નિયમિત વાળ-નખ વગેરે કપાવવા, બ્રશ કરવું, હા-પગ ધોવા, બીજા સાથે કેવી રીતે વાત કરવી વગેરે સાથે નવી મેનર્સ સહેલાઈથી શીખે છે. રમવું એ બાળકનો જન્મસિધ્ધ અધિકાર છે અને રમતા રમતા શીખવું એ તેનો સ્વભાવ છે અને પ્લે હાઉસમાં તેને રમતા રમતા શીખવાની અઢળક તક પ્રાપ્ત થાય છે. પ્લે હાઉસમાં બાળકને રમવા હિંચકા, લપસણી, ચકરડી, ગેમ્સ વગેરે ઉપરાંત ક્રાફટસ કે લર્નિંગ મોડેલ્સ પણ ઉપલબ્ધ હોય છે. બાળક હંમેશા બે રીતે શીખે છે, એક અવલોકનથી અને અનુભવથી. અન્ય બાળકો સાથે એકબીજાના અવલોકનથી તે ઘણું બધું આસાનીથી શીખવા પ્રેરાય છે અને પ્લે હાઉસના રમકડાં કે મોડેલ્સથી પ્રાથમિક જ્ઞાન મેળવે છે સાથે સાથે તેની ગ્રહણશકિત અને સમજણમાં પણ વધારો કરે છે.

બાળકોને આટલી નાની ઉંમરે ભણવાનો બોજ લાદવો ના જોઈએ તેવી દલીલ સાથે પ્લે ગૃપ કલ્ચરનો વિરોધ કરનારાઓ એવું માને છે કે બાળકને ૩.૫ થી ૪ વર્ષની ઉંમર સુધી કુદરતી વાતાવરણમાં રમવા દેવું જોઈએ નહી કે બંધિયાર પ્લે હાઉસમાં પુરી દેવું જોઈએ. આ ઉંમરે બાળકને માતા-પિતાની હૂંફ અને રમવાની મોકળાશની જરૂર હોય છે. પૈસા આપીને ખરીદેલી હૂંફ બાળકના વિકાસમાં ઉમેરો કરી શકતી નથી તેવું તેમનું માનવું હોય છે. આ દલીલ જરૂર વ્યાજબી છે અને એટલે જ બાળક ૩ વર્ષથી ઓછી ઉંમરનું હોય તો તેને પ્લે હાઉસમાં ચોકકસ ના મુકવું જોઈએ. વળી આજની નવી પેઢી માત્ર ટીવી અને મોબાઈલ જોઈને પણ તેની એટલી આવડત કે ક્ષમતા પ્રદર્શિત કરી રહી છે તે જોતા વધુ સ્માર્ટ અને ઝડપથી મેચ્યોર થતી પેઢી હોવાનો પુરાવો આપે છે. આ સાથે હરિફાઈનો યુગ હોવાથી પોતાનું બાળક પાછળ રહી જાય તેવું પણ કોઈ માતા પિતાને પાલવે તેમ નથી. હા પ્લે હાઉસમાં બાળકની ક્ષમતા ઓળખી તેની તે મુજબ સંભાળ રખાય તે સંચાલકોને જોવું અત્યંત જરુરી છે. વળી, બાળકની રમવાની ઉંમર હોઈ પ્લેગૃપનું વાતાવરણ કે તેના કર્મચારીઓનું વર્તન બાળક માટે આનંદદાયક હોવું જોઈએ નહી કે તેના પર થોપાયેલું છે તેવો સતત અહેસાસ કરાવનારું હોવું જોઈએ. બાળક પ્લે ગૃપમાં કાંઈ શીખે કે ના શીખે પરંતુ તેને મજા આવવી જોઈએ તે અત્યંત આવશ્યક છે. જો કે કેટલાક પ્લે હઉસમાં માર્કેટીંગ કારણોસર હવે બાળકનો વિકાસ માપવા જેવા બહાના હેઠળ એ પ્લસ, એ કે બી પ્લસ, અને બી જેવું ગ્રેડીંગ આપવું, સ્ટાર, વેરીગુડ, આઈસ્ક્રીમ, લાઈક વગેરે સિમ્બોલ આપી પ્રોત્સાહનના નામે હરિફાઈ ઉભી કરવી, બાળકને ફરજિયાત એકિટવીટીના દબાણ સાથે ડાન્સ, ડ્રામા, સિંગિગ, એકિંટગ, ક્રાફટ કે સ્પોર્ટસ વગેરેમાં રસ ના હોવા છતાં ધકેલવા, યુનિફોર્મનું દબાણ કરવું, રજા પાડવાથી રોકવા જેવી બાબતો અપનાવાય છે જે કયારેક કુમળા બાળક માટે ભારેખમ સાબિત થાય છે. વળી શુઝ, ટાઈ, ફેન્સિ વોટરબેગ કે સ્કુલબેગ વગેરે જેવી દેખાદેખી સર્જી બાળકને ખર્ચાળ જીવનશૈલીના સંસ્કાર તરફ ધકેલે છે જે લાંબે ગાળે તેના માટે માનસિક તણાવનું કારણ પણ બની શકે છે. આ સાથે જયારે 'સુપર મોમ' કે 'સુપર ડેડ'નો ઈમોશનલ અત્યાચાર ઉમેરાય ત્યારે તે બાળકના જીવનમાં વરવા ચિત્રો પણ ખડા કરી શકે છે.




અકંદરે જેને પ્લેહાઉસ કે પ્લેગૃપ કહેવાય છે તેની પધ્ધતિ જો બાળકને મુકત અને સ્નેહભર્યું વાતાવરણ પુરું પાડી શકતી હોય તો બાળક માટે તે ઉપયોગી છે પરંતુ જો તેમાં વધુ પડતી હરિફાઈ અને પરફોર્મન્સના દબાણનું તત્વ ઉમેરાય તો તે બાળક માટે મુશ્કેલી સર્જી શકે છે. ગાંધીનગરના જાણીતા એજયુકેશન કન્સલટન્ટ અને ટ્રેનર પ્રો. દિપક તેરૈયા કહે છે કે 'મા-બાપ બાળકના ટ્રસ્ટી છે, માલિક નહીં' તે દરેક મા-બાપ જ નહી પ્લેગૃપના સંચાલકોએ પણ યાદ રાખવું જોઈએ.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# સેકટર-૪ ગાર્ડન ખાતે કાનુની શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા અદાલત દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં લોક જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેને અનુલક્ષી આગામી તા.૧૪ નવેમ્બરને મંગળવારના રોજ સેકટર-૪ના ગાર્ડન ખાતે સાંજે ૪ થી ૬ દરમિયાન બાળકો, મહિલાઓ, તેમજ સિનિયર સિટીઝનોને લગતી જાણકારી આપવા શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાનુની શિબિરમાં બાળકોની સંભાળ, સુરક્ષા, મોબાઈલ મેનીયા અને મોબાઈલની વિવિધ રમતોથી થતા નુકશાન અંગે જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત સિનિયર સિટીઝનોને કાનુની માર્ગદર્શન અને આરોગ્યથી લાભ અંગે જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે સેકટર-૪ના અગ્રણી આર.આર.પટેલ સામાજીક કાર્યકર ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત જિલ્લા અદાલત દ્વારા પેરાલીગલના જયરામભાઈ સોની, દિનેશભાઈ દવે, સીતારામભાઈ પટેલ, સુધીર દેસાઈ શિબિરમાં હાજર રહીને માર્ગદર્શન આપશે તો સેકટર-૪ના વસાહતી ભાઈ બહેનોને હાજર રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ગજેન્દ્રસિંહ બળવંતસિંહ વાઘેલા, ઉ.વ. ૩૦
- સ્વ. સતીષકુમાર વિનોદચંદ્ર વ્યાસ, ઉ.વ. ૩૧